Name & Signature of the Invigilator

..................................................

..................................................

**GUJARATI**
**PAPER-II**
**SEPT-16/06**

OMR Answer Sheet No. : | | | | | |

Roll No. : | | | | | |

(in figures as in Hall Ticket)

Roll Number in words : ..........................................

..........................................................................

**Time : 1.15 Hours]** **No. of Printed Pages : 16** **[Maximum Marks : 100**

**Instructions for the Candidates**

1. Write your Roll Number in the space provided on the top of this page.
2. This paper consists of **fifty (50)** multiple choice type of questions. **All** questions are compulsory.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (*i*) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker seal and do not accept an open booklet.
   (*ii*) Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.
   (*iii*) After this verification is over, the Test Booklet Number should be entered on the OMR Answer Sheet and the OMR Answer Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.

   **Example :** (A) ⬤ (C) (D) where (B) is the correct response.
5. Your responses to the items are to be indicated on the OMR Answer Sheet under Paper – II only. If you mark your response at any place other than in the oval in the OMR Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the OMR Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, such as change of response by scratching or using white fluid, you will render yourself liable to disqualification.
9. You have to return the original OMR Answer Sheet to the invigilator at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall. You are however, allowed to carry original question booklet and duplicate copy of OMR Answer Sheet on conclusion of examination.
10. Use only Blue/Black Ball point pen.
11. Use of any calculator or log table etc., is prohibited.
12. There shall be no negative marking.
13. In case of any discrepancy in the English and Gujarati versions of questions, English version will be taken as final.

**પરીક્ષાર્થીઓ માટે સૂચનાઓ :**

1. આ પાનાની ટોચ પર દર્શાવેલી જગ્યામાં તમારો રોલ નંબર લખો.
2. આ પ્રશ્નપત્રમાં બહુવૈકલ્પિક ઉત્તરો ધરાવતા **પચાસ (૫૦)** પ્રશ્નો આપેલા છે. **બધાજ** પ્રશ્નો ફરજિયાત છે.
3. પરીક્ષાની શરૂઆતમાં આપને પ્રશ્નપુસ્તિકા આપવામાં આવશે. પ્રથમ પાંચ (૫) મિનિટ દરમ્યાન તમારે પ્રશ્નપુસ્તિકા ખોલી અને ફરજિયાતપણે નીચે મુજબ પરીક્ષણ કરવું :
   (*i*) પ્રશ્નપુસ્તિકાનો વપરાશ કરવા માટે આ કવર પૃષ્ઠની ધાર પર આપેલ સીલ સ્ટીકર ફાડી નાખો. કોઈપણ સંજોગોમાં સીલ સ્ટીકર વગરની કે ખુલ્લી પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં.
   (*ii*) કવર પૃષ્ઠ પર છપાયેલ નિર્દેશાનુસાર પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો, પૃષ્ઠો અને સંખ્યાને બરાબર ચકાસી લો. ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા કે જેમાં પ્રશ્નો/પૃષ્ઠો ઓછા હોય, બે વાર છપાયા હોય, અનુક્રમમાં અથવા અન્ય કોઈ ફરક હોય અર્થાત કોઈપણ સંજોગોમાં ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા સ્વીકારશો નહીં. અને જો ખામીયુક્ત પ્રશ્નપુસ્તિકા મળી હોય તો નિરીક્ષક પાસેથી તુરંત જ બીજી સારી પ્રશ્નપુસ્તિકા મેળવી લેવી. આ માટે ઉમેદવારને પાંચ (૫) મિનિટનો સમયગાળો આપવામાં આવશે. પછી થી, પ્રશ્નપુસ્તિકા બદલવામાં આવશે નહીં કે કોઈ વધારાનો સમયગાળો આપવામાં આવશે નહીં.
   (*iii*) આ ચકાસણી સમાપ્ત થાય પછી, પ્રશ્નપુસ્તિકાનો નંબર OMR જવાબ પત્રક પર લખવો અને OMR જવાબ પત્રકનો નંબર પ્રશ્નપુસ્તિકા પર લખવો.
4. પ્રત્યેક પ્રશ્ન માટે ચાર જવાબ વિકલ્પ (A), (B), (C) અને (D) આપવામાં ઓવલ છે. તમારે સાચા જવાબના ઓવલ (oval) ને નીચે આપેલ ઉદાહરણ મુજબ પેનથી ભરીને સંપૂર્ણ કાળું કરવાનું રહેશે.

   **ઉદાહરણ :** (A) ⬤ (C) (D) કે જ્યાં (B) સાચો જવાબ છે.
5. આ પ્રશ્નપુસ્તિકાના પ્રશ્નો ના જવાબ અલગથી આપવામાં આવેલ OMR જવાબ પત્રકમાં પેપર–II લખેલ વિભાગમાં જ અંકિત કરવા. જો આપ OMR જવાબ પત્રકમાં આપેલ ઓવલ (oval) સિવાય અન્ય સ્થાને જવાબ અંકિત કરશો તો તે જવાબનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં
6. અંદર આપેલ સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચો.
7. કાચું કામ (Rough Work) પ્રશ્નપુસ્તિકાના અન્તિમ પૃષ્ઠ પર કરવું.
8. જો આપ OMR જવાબ પત્રક નિયત જગ્યા સિવાય અન્ય કોઈપણ સ્થાને, આપનું નામ, રોલ નંબર, ફોન નંબર અથવા એવું કોઈ ચિન્હ કે જેનાથી તમારી ઓળખ થઈ શકે, અંકિત કરશો અથવા અભદ્ર ભાષાનો પ્રયોગ કરો, અથવા અન્ય કોઈ અનુચિત સાધનોનો ઉપયોગ કરો, જેમ કે અંકિત કરી દીધેલ જવાબ ભૂંસી નાખવો કે સફેદ શાહીનો ઉપયોગ કરી બદલશો તો આપને પરીક્ષા માટે અયોગ્ય જાહેર થઈ શકો છો.
9. પરીક્ષા સમય પૂરો થઈ ગયા બાદ ઓરીજીનલ OMR જવાબ પત્રક જે તે નિરીક્ષકને ફરજીયાત સોંપી દેવું અને કોઈ પણ સંજોગોમાં તે પરીક્ષાખંડની બહાર લઈ જવું નહીં. પરીક્ષા પૂર્ણ થયા બાદ ઉમેદવાર ઓરીજીનલ પ્રશ્નપુસ્તિકા અને OMR જવાબ પત્રકની ડુપ્લિકેટ કોપી પોતાની સાથે લઈ જઈ શકે છે.
10. માત્ર કાળી/ભૂરી બોલ પોઈન્ટ પેન વાપરવી.
11. કેલ્ક્યુલેટર અને અન્ય ઈલેક્ટ્રોનિક યંત્રોનો ઉપયોગ કરવાની મનાઈ છે.
12. ખોટા જવાબ માટે નકારાત્મક ગુણાંકન પ્રથા નથી.
13. પ્રશ્નપુસ્તિકાના કોઈ પ્રશ્નમાં અનુવાદ અંગે કોઈ વિવાદ/મતભેદ જણાય તો અંગ્રેજી વર્ઝન યોગ્ય ગણાશે.

SEAL

## GUJARATI ગુજરાતી

## PAPER - II પેપર–II

*Note* : This paper contains **FIFTY (50)** multiple-choice/Assertion + questions/ Matching questions. Each question carrying **TWO (2)** marks. Attempt **All** the questions.

**નોંધ** : આ પ્રશ્નપત્રમાં **પચાસ (૫૦)** બહુવિકલ્પીય પ્રશ્નો છે. બધા પ્રશ્નોના જવાબ લખવાના છે. પ્રત્યેક પ્રશ્નના **બે (૨)** ગુણ છે.

---

1. 'વસંતફાગુ' ના સર્જક કોણ છે ?

   (A) વિજયસેનસૂરિ (B) શાલિભદ્રસૂરિ

   (C) ગુણચંદ્રસૂરિ (D) અંબદેવસૂરિ

2. 'આંબુજાંબુની છાંય રે મા' દેવજી, ત્યાં કાંઈ રમ્મત માંડી જી રે' પંક્તિ કયા ગીતની છે ?

   (A) કાચબા કાચબીનું ભજન (B) શિવ–ભીલડી સંવાદ

   (C) જેસલ–તોરલ (D) મેના–ગુર્જરીનો ગરબો

3. નીચેનામાંથી કઈ કૃતિ અખાની નથી ?

   (A) વસ્તુગીતા (B) અખેગીતા

   (C) પંચીકરણ (D) અનુભવબિંદુ

4. 'નેમિનાથચતુષ્પદિકા' નું સાહિત્યસ્વરૂપ દર્શાવો.

   (A) ફાગુ (B) બારમાસી

   (C) રાસા (D) વિહાવલુ

5. 'માનવધર્મસભા' ના સ્થાપકનું નામ જણાવો :

   (A) નંદશંકર મહેતા (B) કરસનદાસ મૂળજી

   (C) નર્મદ (D) દુર્ગારામ મહેતા

6. 'સુંદરી સુબોધ' ના તંત્રીનું નામ દર્શાવો.

   (A) મણિલાલ છબારામ ભટ્ટ (B) કેખુશરો કાબરાજી

   (C) રામમોહનરાય દેસાઈ (D) દલપતરામ

7. હાલમાં કયા ગુજરાતી કવિનું અવસાન થયું ?

(A) રાવજી પટેલ
(B) મણિલાલ દેસાઈ
(C) લાભશંકર ઠાકર
(D) જગદીશ જોષી

8. નીચેનામાંથી કયો કાવ્યસંગ્રહ પ્રિયકાન્ત મણિયારનો નથી ?

(A) સાયુજ્ય
(B) પ્રતીક
(C) સ્પર્શ
(D) સમીપ

9. 'વિદ્યાબહેન નીલકંઠ નારીચેતનાનાં અગ્રેસર' ગ્રંથના સંપાદક કોણ છે ?

(A) સુકુમાર પરીખ
(B) પ્રિયકાન્ત પરીખ
(C) વિનોદિની નીલકંઠ
(D) રમણભાઈ નીલકંઠ

10. 'ન શહેર આ, કુરૂપની કથા
ન આ શહેર, વિરાટ કો વ્યથા' – આ પંક્તિનો અલંકાર જણાવો :

(A) વ્યાજસ્તુતિ
(B) અપ્રસ્તુતપ્રશંસા
(C) અપહ્નુતિ
(D) દૃષ્ટાંત

11. કાળાનુક્રમ પ્રમાણે ગોઠવો :

(1) વસંત
(2) ગુજરાત શાળાપત્ર
(3) શબ્દસૃષ્ટિ
(4) પરબ

(A) 2–3–4–1
(B) 2–4–3–1
(C) 2–3–1–4
(D) 2–1–4–3

12. કાળાનુક્રમ પ્રમાણે ગોઠવો :

(1) પ્રભુ પધાર્યા
(2) તુલસીક્યારો
(3) વેવિશાળ
(4) નિરંજન

(A) 4–1–2–3
(B) 4–3–2–1
(C) 4–2–1–3
(D) 4–3–1–2

13. કાળાનુક્રમ પ્રમાણે ગોઠવો :

(1) પિયા કારણ રે પીળી ભઈ રે, લોક જાણે ઘટ રોગ

(2) શાં શાં રૂપ વખાણું, સંતો રે ! શાં શાં રૂપ વખાણું ?

(3) ચાલિયો વાટમાં, જ્ઞાનના ઘાટમાં, મિત્ર મોહન તણું નામ લેતો

(4) જીવને શ્વાસ તણી સગાઈ રે, ઘરમાં કદી ન રાખે ભાઈ રે !

(A) 3–4–2–1 (B) 3–2–4–1

(C) 3–1–2–4 (D) 3–1–4–2

14. કાળાનુક્રમ પ્રમાણે ગોઠવો :

(1) આપણા કવિઓ

(2) કાવ્યતત્વવિચાર

(3) આકલન

(4) અવલોકના

(A) 1–3–4–1 (B) 1–4–2–1

(C) 1–3–2–4 (D) 1–2–3–4

15. કાળાનુક્રમ પ્રમાણે ગોઠવો :

(1) ભામહ

(2) મમ્મટ

(3) ભરતમુનિ

(4) આનંદવર્ધન

(A) 3–2–4–1 (B) 3–1–4–2

(C) 3–4–1–2 (D) 3–2–1–4

16. નીચેનામાંથી સુસંગત જૂથ જણાવો :

(A) વેસ્ટલેન્ડ, બાયોગ્રાફિયા લિટરેરિયા, મર્ફી, દુઈનો એલેજી

(B) રિપબ્લિક, પોએટિક્સ, પેરી હિપ્સોસ, એપ્રીસીએશન્સ

(C) વોટ ઈઝ કલાસિક, રચના અને સંરચના, ગ્રામેટોલોજી, કલ્ચર એન્ડ એનાર્કિ

(D) અભિવ્યંજના, સ્વરૂપવાદ, ફાઉસ્ટ, મેટામોર્ફોસિસ

17. નીચેનામાંથી સુસંગત જૂથ જણાવો :

(A) ઈલા આરબ મહેતા : ત્રિકોણની ત્રણ રેખા, ધ ન્યૂ લાઈફ, વાડ

(B) ધીરુબહેન પટેલ : અનુસંધાન, ટાઈમ બોમ્બ, હુતાશન

(C) વર્ષા અડાલજા : માટીનું ઘર, કાદંબરીની મા, શીમળાનાં ફૂલ

(D) સરોજ પાઠક : નાઈટમેર , ખરી પડેલો ટહુકો, અખેપાતર

18. નીચેનામાંથી સુસંગત જૂથ જણાવો :

(A) આસામી, બુંદેલખંડી, સુદાની

(B) ત્રિપુરી, મણિપુરી, સિંહાલી

(C) લહંદા, મારવાડી, અરબી

(D) કન્નડ, તમિળ, બ્રાહુઈ

19. નીચેનામાંથી સુસંગત જૂથ જણાવો :

(A) માણસની વાત, કથકનો ક, અથવા

(B) આકસ્મિક સ્પર્શ, ગેરસમજ, અતિથિગૃહ

(C) ધ્વનિ, મનોમુદ્રા, ચિત્રણા

(D) અશ્વત્થામા, અશ્વમેધ, પાંખ વિનાનાં પારેવાં

20. નીચેનામાંથી સુસંગત જૂથ જણાવો :

(A) રણમલ્લ છંદ, કાન્હડદેપ્રબંધ, વિમલપ્રબંધ

(B) વસંતવિલાસ, આરામશોભારાસ, રેવંતગિરિરાસુ

(C) માધવાનલકામકંદલા દોગ્ધક, હંસાઉલી, કામાવતી

(D) ગુણરત્નાકરછંદ, રસમંજરીની કથા, મદનમોહના

21. નીચેનામાંથી વિસંગત જૂથ પસંદ કરો :

(A) રાનેરી, મર્મર, નમેલી સાંજ, તથાપિ

(B) ઈદમ્ સર્વમ્, શેરી, વેણુરવ, શાલભંજિકા

(C) જૂજવાં, અપિ ચ, બાપાની પીંપર, શબવત્

(D) કાવ્યપ્રત્યક્ષ, શબ્દલોક, કાગળની હોડી, કાવ્યશિક્ષણ

22. નીચેનામાંથી વિસંગત જૂથ પસંદ કરો :

(A) અનુકરણ, કલ્પના, રમણીયતા, વિઘટન

(B) ટ્રેજેડી, તરંગ, સંરચના, વિચલન

(C) વિચાર, કેથાર્સિસ, એમ્પથી, સંદિગ્ધતા

(D) પ્રશિષ્ટ, નિર્વૈયક્તિકતા, વસ્તુલક્ષી સહસંબંધક, પરંપરા

23. નીચેનામાંથી વિસંગત જૂથ પસંદ કરો :

(A) દર્શક : કબ્રસ્તાન, પ્રેમ અને પૂજા, દીપ નિર્વાણ

(B) મધુરાય : સભા, કામિની, સુરા, સુરા, સુરા

(C) રઘુવીર ચૌધરી : લાગણી, કંડક્ટર, પરસ્પર

(D) જોસેફ મેકવાન : દરિયા, મારી પરણેતર, મલક

24. નીચેનામાંથી વિસંગત જૂથ પસંદ કરો :

(A) હસ્તાક્ષર, ઈર્શાદગઢ, વળાંક, અંદર બહાર એકાકાર

(B) તુકારામનું સ્વર્ગારોહણ, ઊર્મિલા, સદગત મોટાભાઈને, અતિ જ્ઞાન

(C) ક્યાં, કદાચ, વાંસ થકી વહાવેલ, પરન્તુ

(D) ભણકાર, આયુષ્યના અવશેષે, છેલ્લું દર્શન, બળતાં પાણી

25. નીચેનામાંથી વિસંગત જૂથને પસંદ કરો :

(A) પ્રબોધ પંડિત : પ્રાકૃત ભાષા, ભાષાવિજ્ઞાનના અર્વાચીન અભિગમો, વ્યાકરણ : અર્થ અને આકાર

(B) કે.કા. શાસ્ત્રી : અનુશીલન, ગુજરાતી ક્રમિક વ્યાકરણ, ગુજરાતી વાંગવિકાસ

(C) વ્રજલાલ શાસ્ત્રી : ઉત્સર્ગમાળા, ધાતુસંગ્રહ વર્ણવિચાર

(D) હરિવલ્લભ ભાયાણી : ગુજરાતી ભાષાનો કુળક્રમ, અનુસંધાન, થોડોક વ્યાકરણ વિચાર

26. નીચેનાં વિધાનોને કાર્યકારણ દૃષ્ટિએ તપાસો :

(A) કવિતામાં વિચારનું તત્વ અનિવાર્ય નથી.

(R) વિચાર–તત્વ કવિતાના સૌંદર્ય માટે નુકશાનકારક છે.

(A) વિધાન (A) અને (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(C) વિધાન (R) ખોટું અને વિધાન (A) સાચું છે.

(D) વિધાન (A) અને (R) બન્ને ખોટાં છે.

27. નીચેનાં વિધાનોને કાર્યકારણ દૃષ્ટિએ તપાસો :

(A) દલપતરામે ઉત્તમ કાવ્ય રચનાઓ આપી છે.

(R) દલપતરામ છંદના સારા જાણકાર હતા.

(A) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(B) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

(C) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(D) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

28. નીચેનાં વિધાનોને કાર્યકારણ દૃષ્ટિએ તપાસો :

(A) આધુનિકતા રૂઢ થયેલી પરંપરાનો વિરોધ કરે છે.

(R) આધુનિકતાનું એક લક્ષણ વિરોધ અને વિદ્રોહ છે.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(C) વિધાન (A) સાચું અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું અને વિધાન (R) સાચું છે.

29. નીચેનાં વિધાનોને કાર્યકારણ દૃષ્ટિએ તપાસો :

(A) 'ડોલ' અને 'હોડી' ના 'ડ'નાં ઉચ્ચારણસ્થાનો ભિન્ન છે.

(R) 'ડ' ઉપધ્વનિ ધરાવે છે.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(C) વિધાન (A) સાચું છે અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું છે અને વિધાન (R) સાચું છે.

30. નીચેનાં વિધાનોને કાર્યકારણની દૃષ્ટિએ તપાસો :

(A) ભાવકનિષ્ઠ અભિગમમાં ભાવક કેન્દ્ર સ્થાને હોય છે.

(R) ભાવકની વાચના એ જ અંતિમ વાચના.

(A) વિધાન (A) અને વિધાન (R) બન્ને ખોટાં છે.

(B) વિધાન (A) અને વિધાન (R) બન્ને સાચાં છે.

(C) વિધાન (A) સાચું છે અને વિધાન (R) ખોટું છે.

(D) વિધાન (A) ખોટું છે અને વિધાન (R) સાચું છે.

31. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) ઉપમાન ઉપમેયને ગળી જાય છે ત્યારે અતિશયોક્તિ અલંકાર બને છે.

(બ) ઉપમેયની ઉપમેય સાથે સરખામણી થાય છે ત્યારે અનન્વય અલંકાર બને છે.

(A) વિધાન (અ) અને વિધાન (બ) ખોટાં છે.

(B) વિધાન (અ) સાચું અને વિધાન (બ) ખોટું છે.

(C) વિધાન (અ) ખોટું અને વિધાન (બ) સાચું છે.

(D) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને સાચાં છે.

32. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) ચોપાઈમાં ૨૮ માત્રા હોય છે.

(બ) મનહરમાં ૨૮ માત્રા હોય છે.

(A) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને વિધાન (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને (બ) સાચું છે.

33. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) 'માણસની વાત' એ કરુણપ્રશસ્તિ કાવ્ય છે.

(બ) 'સ્મરણસંહિતા' એ કરુણપ્રશસ્તિ કાવ્ય છે.

(A) વિધાન (અ) અને વિધાન (બ) સાચાં છે.

(B) વિધાન (અ) અને વિધાન (બ) ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું છે અને વિધાન (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું છે અને વિધાન (અ) સાચું છે.

34. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) 'દવા પીવી કોને ગમે ?' વાકયમાં 'પીવી' શબ્દ સામાન્ય કૃદંતનો અર્થ સૂચવે છે.

(બ) 'દવા પીવી કોને ગમે ?' વાકયમાં 'પીવી' શબ્દ સંજ્ઞાનો અર્થ સૂચવે છે.

(A) વિધાન (અ) અને વિધાન (બ) સાચાં છે.

(B) વિધાન (અ) અને વિધાન (બ) ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું અને વિધાન (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું અને વિધાન (બ) સાચું છે.

35. નીચેનાં વિધાનોની યથાર્થતા તપાસો :

(અ) મોટિફ દેશકાળબાધિત તત્વ છે.

(બ) દરેક કથામાં એક જ મોટિફ હોય છે.

(A) વિધાન (અ) અને (બ) બન્ને સાચાં છે.

(B) વિધાન (અ) અને (બ) બન્ને ખોટાં છે.

(C) વિધાન (અ) સાચું છે અને (બ) ખોટું છે.

(D) વિધાન (અ) ખોટું છે અને (બ) સાચું છે.

36. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II |
|---|---|---|
| (*a*) | મેવાસનું લોકસાહિત્ય | (1) તડવી દંપતી |
| (*b*) | રાજપીપળાનું લોકસાહિત્ય | (2) જયાનંદ જોષી |
| (*c*) | ડુંગરી ભીલી સાહિત્ય | (3) ભગવાનદાસ પટેલ |
| (*d*) | ભાલપંથકનું લોકસાહિત્ય | (4) જોરાવરસિંહ જાદવ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 1 | 3 | 2 | 4 |
| (B) | 1 | 2 | 3 | 4 |
| (C) | 1 | 4 | 2 | 3 |
| (D) | 1 | 3 | 4 | 2 |

37. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II |
|---|---|---|
| (*a*) | વિવેક વણઝારો | (1) તરુણપ્રભસૂરિ |
| (*b*) | ચંડીઆખ્યાન | (2) સમયસુંદર |
| (*c*) | મૃગાવતીચરિત્રચોપાઈ | (3) વિષ્ણુદાસ |
| (*d*) | ષડાવશ્યક બાલાવબોધ | (4) પ્રેમાનંદ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 4 | 3 | 1 | 2 |
| (B) | 4 | 2 | 1 | 3 |
| (C) | 4 | 3 | 2 | 1 |
| (D) | 4 | 1 | 2 | 3 |

38. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | | II |
|---|---|---|
| (*a*) | વામન | (1) ननु शब्दार्थौ काव्यम् |
| (*b*) | રુદ્રટ | (2) काव्यं ग्राहयं अलंकारात् |
| (*c*) | ભામહ | (3) गुणवदलंकृत वाक्यमेव काव्यम् |
| (*d*) | રાજશેખર | (4) शब्दार्थौ सहितौ काव्यम् |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 2 | 1 | 3 | 4 |
| (B) | 2 | 3 | 1 | 4 |
| (C) | 2 | 4 | 3 | 1 |
| (D) | 2 | 1 | 4 | 3 |

39. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) કવિતાવિચાર | (1) નરસિંહરાવ દિવેટિયા |
| (*b*) કવિતાશિક્ષણ | (2) બ.ક. ઠાકોર |
| (*c*) કવિતાવિવેક | (3) ઉમાશંકર જોશી |
| (*d*) કવિતાની સમજ | (4) હેમંત દેસાઈ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 1 | 3 | 2 | 4 |
| (C) | 1 | 4 | 2 | 3 |
| (D) | 1 | 3 | 4 | 2 |

40. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) યથામતિ | (1) ઉપપદ |
| (*b*) ચંપાવરણું | (2) બહુવ્રીહિ |
| (*c*) મધમીઠું | (3) અવ્યયીભાવ |
| (*d*) અનુજ | (4) કર્મધારય |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 3 | 2 | 4 | 1 |
| (B) | 3 | 4 | 1 | 2 |
| (C) | 3 | 1 | 2 | 4 |
| (D) | 3 | 2 | 1 | 4 |

41. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (*a*) હ | (1) તાલવ્ય સંઘર્ષી |
| (*b*) ષ | (2) દંત્ય પાર્શ્વિક |
| (*c*) લ | (3) ઉપધ્વનિ |
| (*d*) ઝ | (4) તંત્રીવિવરોત્થ સંઘર્ષી ધ્વનિ |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 4 | 2 | 3 | 1 |
| (B) | 4 | 2 | 1 | 3 |
| (C) | 4 | 3 | 2 | 1 |
| (D) | 4 | 1 | 3 | 2 |

42. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (a) મુદ્રા અને કુલીન | (1) જહાંગીરશા અરદેશર |
| (b) વિશ્વજિત | (2) પિનાકિન દવે |
| (c) માટીનો મહેકતો સાદ | (3) મકરંદ દવે |
| (d) પ્રકાશનો પડછાયો | (4) દિનકર જોશી |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 1 | 3 | 2 | 4 |
| (B) | 1 | 4 | 2 | 3 |
| (C) | 1 | 4 | 3 | 2 |
| (D) | 1 | 2 | 3 | 4 |

43. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (a) પૌરાણિક કથાકોશ | (1) રતિલાલ નાયક |
| (b) રૂઢિપ્રયોગ કોશ | (2) ડાહ્યાભાઈ દેરાસરી |
| (c) મધ્યકાલીન ગુજરાતી કથાકોશ | (3) જેઠાલાલ ત્રિવેદી |
| (d) લોકસાહિત્ય શબ્દકોશ | (4) હરિવલ્લભ ભાયાણી |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 2 | 1 | 4 | 3 |
| (B) | 2 | 4 | 3 | 1 |
| (C) | 2 | 3 | 1 | 4 |
| (D) | 2 | 4 | 1 | 3 |

44. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| I | II |
|---|---|
| (a) આરોગ્ય નિકેતન | (1) ઉત્તરા દેસાઈ |
| (b) છ વીઘાં જમીન | (2) એમ.જી. કુરેશી |
| (c) ઉમરાવજાન | (3) મીરાં ભટ્ટ |
| (d) માટીનો માનવી | (4) રમણીક મેઘાણી |

| | (a) | (b) | (c) | (d) |
|---|---|---|---|---|
| (A) | 4 | 2 | 1 | 3 |
| (B) | 4 | 3 | 2 | 1 |
| (C) | 4 | 1 | 3 | 2 |
| (D) | 4 | 2 | 3 | 1 |

45. નીચેની યાદી સરખાવી યોગ્ય જોડકાં બનાવો :

| | I | | II |
|---|---|---|---|
| (*a*) | ડાંડિયો | (1) | હાજીમહમ્મદ અલારખિયા |
| (*b*) | કૌમુદી | (2) | રમણભાઈ નીલકંઠ |
| (*c*) | વીસમી સદી | (3) | નર્મદ |
| (*d*) | જ્ઞાનસુધા | (4) | વિજયરાય વૈદ્ય |

| | (*a*) | (*b*) | (*c*) | (*d*) |
|---|---|---|---|---|
| (A) | 3 | 2 | 4 | 1 |
| (B) | 3 | 1 | 2 | 4 |
| (C) | 3 | 4 | 1 | 2 |
| (D) | 3 | 4 | 2 | 1 |

નીચેનું કાવ્ય વાંચીને આપેલા પ્રશ્નોમાંથી યોગ્ય ઉત્તર પસંદ કરો (46 to 50) :

દેખ્યાનો દેશ ભલે લઈ લીધો, નાથ !
    પણ કલરવની દુનિયા અમારી !
વાટે રખડયાની મોજ છીનવી લીધી
    ને તોય પગરવની દુનિયા અમારી !
કલબલતો થાય જયાં પ્હેલો તે પ્હોર
    બંધ પોપચાંમાં રંગોની ભાત,
લોચનની સરહદથી છટકીને રણઝણતું
    રૂપ લઈ રસળે શી રાત !
લ્હેકાએ લ્હેકાએ મ્હોરતા અવાજના
    વૈભવની દુનિયા અમારી !
ફૂલોના રંગો રિસાઈ ગયા, જાળવતી
    નાતો આ સામટી સુગંધ,

સમા સમાના દઈ સંદેશા લ્હેરખી

અડકયાનો સાચવે સંબંધ !

ટેરવાંમાં તાજી કૈં ફૂટી તે નજરુંના

અનુભવની દુનિયા અમારી !

46. કાવ્યનાયકની સંવેદના કયા પ્રકારની છે ?

(A) પંગુજનની (B) અંધજનની

(C) બધિરજનની (D) મૂકજનની

47. આ દુનિયાનો સુખદ અનુભવ નાયકને પ્રારંભે કેવી રીતે થયો ?

(A) ઘ્રાણેન્દ્રિય દ્વારા

(B) ચક્ષુરેન્દ્રિય દ્વારા

(C) શ્રવણેન્દ્રિય દ્વારા

(D) સ્વાદેન્દ્રિય દ્વારા

48. 'ફૂલોના રંગો રિસાઈ ગયા' માં કયો અલંકાર છે ?

(A) ઉત્પ્રેક્ષા (B) અપહ્નુતિ

(C) વ્યાજસ્તુતિ (D) સજીવારોપણ

49. કાવ્યના અંતે કઈ યુક્તિ સંપોષક નીવડી છે ?

(A) ઈન્દ્રિયવ્યત્યય (B) પ્રતીક

(C) પુરાકલ્પન (D) રૂપક

50. કાવ્યનું શીર્ષક જણાવો :

(A) વસુધૈવ કુટુંબકમ્ (B) દુનિયા અમારી

(C) વૈભવી દુનિયા (D) અલૌકિક જગત

## ROUGH WORK

SEAL